દાખલ તારીખ :– ૧૩–૧૦–૨૦૨૨
નોંધણી તારીખ :– ૧૩–૧૦–૨૦૨૨
ફેંસલ તારીખ :– ૨૧–૧૦–૨૦૨૨
સમયગાળો :– <u>**વર્ષ–માસ–દિવસ**</u>
**૦૦ – ૦૦ – ૦૮**

**<u>મે.એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, પાટણ, મુ.રાધનપુર.</u>**

**ક્રિ.પર.અ.નં. ૪૧૬/૨૦૨૨**
**આંક :– ૧૧**

**અરજદાર:–** (૧) પોપટભાઈ ઉર્ફે બાબાભાઈ ગગાભાઈ ઠાકોર,
ઉ.વ.આ.૫૩, ધંધો–ખેતી,
(૨) દેવસીભાઈ ગગાભાઈ ઠાકોર,
ઉ.વ.આ.૪૬, ધંધો–ખેતી,
બંને રહે.અરજણસર, તા.રાધનપુર, જી.પાટણ,
હાલ સબ જેલ પાટણ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** શ્રી સરકાર

બાબત :– **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવાની અરજી...**

**એડવોકેટસ :–**
અરજદાર/આરોપી ઓ તર્ફે વિ.વકીલશ્રી કે.એમ.કાઝી
સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.ડી.જી.પી.શ્રી એસ.એચ.ઠક્કર

**–:: <u>ઠ રા વ</u> ::–**

(૧) આ કામના અરજદાર/આરોપી ઓ રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૧૦૨૫૫/૨૦૨૧, ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૪, ૫૦૪, ૨૯૪(ખ), ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના નોંધાયેલા ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોઈ, તેઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ અન્વયે જામીન અરજીમાં જણાવેલ કારણો અને હકીકત મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરેલ છે.

(૨) આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીના ભત્રીજા રમેશજી ઉર્ફે હરખો સ/ઓ ગોવિંદજી ઉર્ફે બાબુજી ઠાકોર, ઉ.વ.૩૦, રહે. અરજણસર, તા.રાધનપુર, જી.પાટણ નાઓ તા.૧૮/૦૩/૨૦૨૧ ના રોજ પોતાના ગામમાં ડેરીથી દૂધ ભરાવીને પરત ઘરે આવવા નીકળેલ તે વખતે સાંજના આશરે સાડા સાત વાગ્યાની આસપાસ આરોપીઓના ઘર પાસે આવતાં આરોપીઓએ હાથમાં લોખંડની પાઇપ તથા લાકડી જેવા હથિયારો ધારણ કરી મરણજનારને તે તેમના ઘર પાસેથી નીકળે ત્યારે કેમ જોરથી જોરથી હોર્ન વગાડે છે તેમ કહી ગાળો બોલી આરોપી હરખાજી વિરમજી ઠાકોરે મરણજનારને માથામાં લોખંડની પાઇપ મારી તેમજ અન્ય ત્રણ આરોપીઓએ લાકડીથી મરણજનારને કમરના ભાગે તથા ડાબા હાથ અને પગ ઉપર ગંભીર ઈજા કરેલ અને તેના કારણે ઈજાપામનારનું સારવાર દરમ્યાન મોત નિપજેલ અને આ બાબતે ફરીયાદીએ પોલીસ સ્ટેશને ફરીયાદ આપતા, રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧ ૨૧૭૦૨૭૨૧૦૨૫૫/૨૦૨૧, ઇ.પી.કો.કલમ–૩૦૨, ૫૦૪, ૨૯૪(ખ), ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે. ત્યારબાદ તપાસ દરમ્યાન ત.ક.અમલદાર ધ્વારા ઈ.પી.કો.કલમ– ૩૪ મુજબનો ઉમેરો કરવાનો રીપોર્ટ કરવામાં આવતા, તે મુજબની કલમોનો ઉમેરો કરવામાં આવેલો છે.

(૩) આ કામના અરજદાર/આરોપી ઓની હાલની અરજી ઉપરથી સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલી. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રી એસ.એચ.ઠક્કર હાજર રહેલા છે.

(૪) અરજદાર/આરોપી ઓ તરફે વિ.વ.શ્રી કે.એમ.કાઝી તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રી એસ.એચ.ઠક્કરને સાંભળ્યા. અરજદાર/આરોપી ઓની જામીન અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપી ઓ તરફે આંક–૦૩ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ નિ.૩/૧ થી નિ.૩/ ૮ સુધી રજૂ દસ્તાવેજી પુરાવાઓ તેમજ મૂળ ફરીયાદી તરફે આંક–૮ થી અરજદાર/આરોપીઓની જામીન અરજી સામે વાંધો

દર્શાવતું સોગંદનામું તથા તેઓ તરફે આંક−૯ ના દસ્તાવેજી લીસ્ટથી રજૂ થયેલ નિ.૯/૧ થી ૯/૫ સુધી રજૂ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા આંક− ૧૦ થી રજુ થયેલ એ.જે.સોલંકી, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, રાધનપુર પો.સ્ટે.નાઓનું સોગંદનામું તથા તપાસનુ રેકર્ડ વંચાણે લીધા.

(૫) અરજદાર/આરોપીઓ તરફે વિ.વ.શ્રી કે.એમ.કાઝીની દલીલ એવી છે કે, આ કામના અરજદાર/આરોપીઓ સામે રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૨ ૭૨૧૦૨૫૫/૨૦૨૧, ઇ.પી.કો.કલમ−૩૦૨, ૩૪, ૫૦૪, ૨૯૪(ખ), ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ−૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના ગુનાના અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ થઇ ગયેલ છે અને કેસ કમીટ થતા જેનો સેશન્સ કેસ નં. ૨૧/૨૦૨૧ પડેલ છે. હાલના ગુનાના ટ્રાયલના કામે આંક−૧૯ થી જે ડોક્ટરશ્રીની જુબાની થયેલ છે તે આ કામે નિ.૩/૩ થી રજૂ થયેલ છે અને આ ડોક્ટરશ્રીની જુબાનીમાં હીસ્ટ્રીમાં ઈજાપામનારને ઈજા પહોંચાડનાર ઈસમોના નામ જણાવેલ છે તેમાં હાલના અરજદાર/આરોપીઓના નામ જણાવેલ નથી. તેમજ આંક− ૨૭ થી જે ડોક્ટરશ્રીની જુબાની થયેલ છે તે આ કામે નિ.૩/૪ થી રજૂ થયેલ છે અને આ ડોક્ટરશ્રીની જુબાનીમાં હીસ્ટ્રીમાં ઈજાપામનારને ઈજા પહોંચાડનાર ઈસમો તરીકે હાલના અરજદાર/આરોપીના નામ જણાવેલ નથી. ટ્રાયલના કામે આંક−૨૦ તથા આંક−૨૧ થી જે મેડીકલ સર્ટીફીકેટ અને મેડીકલ કેસ પેપર્સ રજૂ થયેલ છે તેમાં પણ મરણજનારે તેઓને ઈજા પહોંચાડનાર ઈસમ તરીકે અરજદાર/આરોપીઓના નામનો કોઇ ઉલ્લેખ કરેલ નથી. આમ, બનાવમાં ભોગબનનાર ઈસમે અરજદાર/આરોપીઓના નામ ગુનો આચરનાર તરીકે આપેલ નથી. પરંતુ પાછળથી અરજદાર/આરોપીઓના નામ અન્ય સાહેદોના નિવેદનોમાં ઉમેરી દેવામાં આવેલ છે. ઇ.પી.કો. કલમ−૩૦૨ ના ગુનાના આવશ્યક તત્વોમાં ગુનાહીત ઈરાદો હોવાની હકીકત ખુબજ મહત્વની છે. આ કેસમાં ફરીયાદ અને અરજદાર/આરોપીઓ વચ્ચે દુશ્મનાવટ હોવાની હકીકત ક્યાંય

જણાઇ આવતી નથી. વધુમાં અગાઉ હાલના અરજદાર/આરોપીઓએ અત્રેની નામ. કોર્ટમાં ફો.પ.અ.નં.૧૬૨/૨૦૨૧ થી રેગ્યુલર જામીન અરજી કરેલ જે નામંજૂર થયેલ છે. અરજદાર/આરોપીઓ લાંબા સમયથી જ્યુડિશિયલ કસ્ટડીમાં છે અને ટૂંકા ભવિષ્યમાં કેસની ટ્રાયલ પૂર્ણ થવાની શક્યતા નથી. કારણકે રાધનપુર એડીશનલ ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ કોર્ટમાં હાલમાં પ્રિસાઇડીંગ ઓફીસરશ્રીની નિમણૂંક થયેલ નથી. વધુમાં, અરજદાર/આરોપીઓ અત્રેના જીલ્લાના સ્થાનિક રહેવાસી છે. સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ દરમ્યાન તેમની હાજરીની સલામતી છે. જો અરજદાર/આરોપીઓને જામીન મુકત ન કરવામાં આવે તો તેમના પરિવારને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે તેમજ પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર/આરોપીઓ નામદાર કોર્ટ ફરમાવે તેવી શરતોનુ પાલન કરવાની ખાત્રી આપે છે. જેથી અરજદાર/આરોપીઓને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૬) સામાવાળા સરકારશ્રી તરફે વિ.ડી.જી.પી.શ્રી એસ.એચ.ઠક્કરે દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ રાધનપુર પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૨૧૭૦૨૭૨૧૦૨૫૫/૨૦૨૧, ઇ.પી.કો.કલમ – ૩૦૨, ૩૪, ૫૦૪, ૨૯૪(ખ), ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે. વધુમાં રજૂઆત કરેલ છે કે, અગાઉ અરજદાર/આરોપીઓની જામીન અરજીઓનો ગુણ–દોષ ઉપર નિર્ણય થઇ ગયેલ છે. હાલની નવી જામીન અરજી કરવાનું કોઇ કારણ અરજીમાં જણાવેલ નથી. વિ.ડી.જી.પી.શ્રીએ રજૂઆત કરેલ છે કે, આ કામે મૂળ ફરીયાદીએ હાલની જામીન અરજી વિરૂધ્ધ તેઓનું સોગંદનામું આંક–૮ થી રજૂ કરેલ છે અને તે સોગંદનામાના પેરા–૬ માં અગાઉ કરવામાં આવેલ જામીન અરજીઓનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ ઉલ્લેખ મુજબ અરજદાર/ આરોપીઓએ અગાઉ અત્રેની નામ. કોર્ટમાં ફો.પ.અ.નં.૧૬૨/૨૦૨૧ થી રેગ્યુલર

જામીન અરજી કરેલ જે નામંજૂર થયેલ ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફો.પ.અ. નં.૧૩૨૬૫/૨૦૨૧ થી જામીન અરજી દાખલ કરેલ જે વિડ્રો કરેલ ત્યારબાદ બે ડોક્ટર સાહેદ તપાસ્યા બાદ અત્રેની નામ. કોર્ટમાં ફો.પ.અ.નં.૧૦૬/૨૦૨૨ થી જામીન અરજી કરેલ જે વિડ્રો કરેલ અને ત્યારબાદ ફરીયાદી, ડોક્ટર તથા પંચો તપાસ્યા બાદ ફરી અત્રેની નામ. કોર્ટમાં ફો.પ.અ.નં.૨૩૪/૨૦૨૨ થી જામીન અરજી કરેલ જે નામંજૂર થયેલ ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફો.પ.અ.નં.૧૪૨૯૩/૨૦૨૨ થી જામીન અરજી કરેલ જે વિડ્રો કરેલ છે અને આ તમામ હકીકત અરજદાર/ આરોપીઓએ તેમની હાલીની જામીન અરજીમાં છુપાવેલ છે. હાલના ગુનાનુ ચાર્જશીટ થઈ ગયેલ છે અને મહત્વના સાહેદો તપાસાઇ ગયેલ છે. હાલમાં કોઈ સંજોગો બદલાયેલા નથી. જેથી ગુનાની ગંભીરતા અને ત.ક.અમલદારનુ સોગંદનામુ ધ્યાને લઈ, હાલની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭) આ કામે મૂળ ફરીયાદી તરફે આંક–૮ થી સોગંદનામું રજૂ કરેલ છે અને તેમાં મુખ્યત્વે ફરીયાદ હકીકત મુજબની હકીકત જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીઓએ અગાઉ અત્રેની નામ. કોર્ટમાં જામીન અરજીઓ કરેલ જે નામંજૂર થયેલ અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પણ જામીન અરજીઓ કરેલ જે વિડ્રો કરેલ છે અને હાલમા કોઇ સંજોગો બદલાયેલા નથી. જો અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ ફરીયાદી તથા સાહેદોને ધાક–ધમકી આપી સમાધાન કરવાની કોશીશ કરશે અને હાલના અરજદાર/આરોપીઓએ માનવવધના ગુનામાં હાજર રહી મરણજનાર હરખાભાઈને માર મારવામાં સક્રિય ભાગ ભજવેલ હોઈ અરજદાર/આરોપીઓની જામીન નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૮) બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. ત.ક.અમલદારનુ સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો તથા અરજદાર/આરોપી ઓ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા મૂળ ફરીયાદી તરફે રજૂ થયેલ સોગંદનામું તથા તે સાથે રજૂ

થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. આ કામના અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૨ ૭૨૧૦૨૫૫/૨૦૨૧, ઇ.પી.કો.કલમ-૩૦૨, ૩૪, ૫૦૪, ૨૯૪(ખ), ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે. આ કામે વિ.એ.પી.પી.શ્રીની દલીલો તથા ત.ક.અ.શ્રીનું સોગંદનામું ધ્યાને લેતાં આ કામના અરજદાર/આરોપીઓએ બનાવના દિવસે, સમયે અને સ્થળે હાજર રહી હથિયારો ધારણ કરી ગુનો આચરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં હાલના ગુનાનું ચાર્જશીટ થઇ ગયેલ છે જેનો સેશન્સ કેસ નં. ૨૧/૨૦૨૧ પડેલ છે અને આ કેસમાં હાલમાં ટ્રાયલ ચાલુ છે અને મહત્વના સાહેદો તપાસાઇ ગયેલ છે. વધુમાં અરજદાર/આરોપીઓએ અગાઉ અત્રેની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજીઓ કરેલ જે મારા પુરાગામી વિ.ન્યાયાધીશશ્રીઓએ ગુણદોષ ઉપર નામંજૂર કરેલ છે. જ્યારે અરજદાર/આરોપીઓએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પણ જામીન અરજીઓ કરેલ જે તેઓએ વિડ્રો કરેલ છે. ત્યારબાદ કોઇ નવા સંજોગો ઉત્પન્ન થયાનું અરજદાર/ આરોપીઓ દર્શાવી શકેલ નથી. અરજદાર/આરોપીઓના વિ.વ.શ્રી કે.એમ.કાઝીએ તેઓની મૌખિક રજૂઆતમાં જણાવેલ છે કે, આ કામે અરજદાર/આરોપીઓ તરફે નામ. સેશન્સ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કરવામાં આવેલ જામીન અરજીઓ અંગે તેઓને તેમના અસીલ તરફથી સાચી સુચના મળેલ નથી અને તેઓના અસીલ પણ આવી જામીન અરજીઓ થયા અંગે અજાણ છે. આ કામે વિ.ડી.જી.પી.શ્રી હાજર થયા બાદ વિ.ડી.જી.પી.શ્રી મારફત આ જામીન અરજીઓ થયાની માહિતી મળેલ છે. તેઓનો આવી હકીકતો છુપાવવાનો કોઇ બદઇરાદો ન હતો. આ તમામ રજૂઆત ધ્યાને લીધી. પરંતુ એ હકીકત સ્પષ્ટ છે કે, આંક-૧૯ તથા આંક-૨૭ ના સાહેદોની જુબાની થયા બાદ અરજદાર/આરોપીઓએ સેશન્સ કોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજીઓ કરેલ હતી જે નામંજૂર તેમજ વિડ્રો થયેલ છે અને તેથી હાલની અરજી આ સાહેદોની જુબાનીમાં પડેલ પુરાવાના કારણસર ટકવાપાત્ર નથી. વધુમાં રાધનપુર

એડીશનલ ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ કોર્ટમાં પ્રિસાઇડીંગ ઓફીસરશ્રીની નિમણૂંક થયેલ નથી તે વહીવટી કારણ છે અને તેવા કારણસર જામીન અરજી કરવા માટે કારણ ઉત્પન્ન થયેલ છે તેવી દલીલ પણ આ તબક્કે ગ્રાહ્ય નથી. આમ, ફરીયાદ હકીકત, ત.ક.અમલદારનુ સોગંદનામુ, વિ.ડી.જી.પી.શ્રીની દલીલો તથા ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈ તથા સેશન્સ કેસ નં. ૨૧/૨૦૨૧ નું રેકર્ડ ધ્યાને લેતા તેમજ ઉપરોકત કારણોસર હાલની જામીન અરજી મંજુર કરવા પાત્ર જણાતી ન હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુ ક મ</u> ::-**

-- આ કામના અરજદાર/આરોપી નં. (૧) પોપટભાઇ ઉર્ફે બાબાભાઇ ગગાભાઇ ઠાકોર, (૨) દેવસીભાઇ ગગાભાઇ ઠાકોર, બંને રહે.અરજણસર, તા.રાધનપુર, જી.પાટણ, હાલ સબ જેલ પાટણ વાળાઓની રાધનપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૭૦૨૭૨૧૦૨૫૫/ ૨૦૨૧, ઇ.પી.કો.કલમ-૩૦૨, ૩૪, ૫૦૪, ૨૯૪(ખ), ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાના કામની ક્રિ. પ્રો.કોડની કલમ-૪૩૯ અન્વયેની રેગ્યુલર જામીન ઉપર મુકત થવા સંબંધેની અરજી આથી **નામંજુર** યાને **રદ** કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. **૨૧મી,** માહે **ઓકટોબર,** સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૧/૧૦/૨૦૨૨.
પાટણ, મુ.રાધનપુર.

**( ગૌરાંગ જીતેન્દ્રકુમાર શાહ )**
GJ00660
ઈ.ચા. એડીશનલ સેશન્સ જજ, પાટણ,
મુ.રાધનપુર.